www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# GUJARATI

Name & Signature of the Invigilator

.............................................

.............................................

**PAPER – II**

**CODE – 06**

OMR Answer Sheet No. :

Roll No. :

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................

Question Booklet Sl. No. **062799**

**Time : 2 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 200**

## Instructions for the Candidates

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **one hundred (100)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (ii) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example:** (A) ● (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Rough Work is to be done in the end of this booklet.
7. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
8. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
9. Use only Blue/Black Ball point pen.
10. Use of any calculator or any electronic devices or log table etc., are prohibited.
11. There shall be no negative marking.

## પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા સો (૧૦૦) પ્રશ્નો આપેલા છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (i) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (ii) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/ પૃષ્ઠો ઓછાં હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (iii) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval)ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ● (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર-II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં.
6. કાચું કામ (Rough work) પ્રશ્નપુસ્તિકાના અંતિમ પૃષ્ઠ પર કરવું.
7. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિહ્ન કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમકે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર કરવામાં આવશે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજિયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષા ખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી / ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
10. કેલ્ક્યુલેટર,લોગ ટેબલ અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.

Prepp+ Subscription
Only ~~(₹999)~~ ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

DO NOT WRITE HERE

Your Personal Exam Guide

Prepp+ Subscription
Only (₹999) ₹249/year

500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's

Unlock Your Success Today!

LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## GUJARATI
## Paper – II

1. શાલિભદ્રસૂરિ રચિત કઈ કૃતિ ૧૫ ઠવણિમાં લખાયેલ છે ?
   (A) ગૌતમરાસ (B) પેથડરાસ (C) પંચપાંડવચરિત્રરાસ (D) વિરાટપર્વ

2. કોલરિજે કોને કલાનું પ્રાણતત્ત્વ ગણાવ્યું છે ?
   (A) સ્વતંત્રતા (B) સાર્વત્રિકતા (C) સમયાધીનતા (D) સર્જકતા

3. સુરેશ જોશીએ કોને 'અભિજાતરુચિ અને વ્યુત્પત્તિવાળા અભ્યાસી વિવેચક' તરીકે ઓળખાવ્યા છે ?
   (A) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
   (B) આનંદશંકર ધ્રુવ
   (C) હરિવલ્લભ ભાયાણી
   (D) ઉમાશંકર જોશી

4. ભાષાનું સ્વરૂપગત વર્ગીકરણ શાને આધારે થાય છે ?
   (A) અર્થતત્ત્વ (B) ક્રમિકતા (C) ભેદકતા (D) સંબંધતત્ત્વ

5. જે વસ્તુની વાસ્તવિક સત્તા હોય છે તેને સંશોધનની પરિભાષામાં શું કહે છે ?
   (A) તથ્ય (B) ભાવ (C) સત્ય (D) રસ

6. 'ચૂડ વિજોગણ' કૃતિના સંશોધક-સંપાદક કોણ છે ?
   (A) નાથજી મહેશ્વર પાઠક
   (B) જયમલ્લ પરમાર
   (C) પુષ્કર ચંદરવાકર
   (D) જોરાવરસિંહ જાદવ

7. 'મૃચ્છકટિક' કૃતિમાં શકાર કોની સાથે કયા સંબંધથી જોડાયેલ છે ?
   (A) મદનિકાનો પ્રેમી
   (B) રાજાપાલકનો સાળો
   (C) રાજા આર્યકનો સાળો
   (D) ચારૂદત્તનો સાળો

8. 'રણયજ્ઞ' કૃતિનું સંપાદન કોણે કર્યું છે ?
   (A) કેશવ હર્ષદ ધ્રુવ
   (B) કે.કા. શાસ્ત્રી
   (C) ચિમનલાલ ત્રિવેદી
   (D) મંજુલાલ મજમુદાર

9. ડબ્લિનનગર કઈ કૃતિમાં નિરૂપાયેલું છે ?
   (A) ધ વેસ્ટ લેન્ડ
   (B) ધ ટ્રાયલ
   (C) બ્યુટીફૂલ વન્સ આર નોટ યટ બોર્ન
   (D) યુલિસિસ

10. સાહિત્ય અને સમાજ વચ્ચેનો સંબંધ કેવો છે ?
    (A) અવિનાભાવી (B) સમયલક્ષી (C) વિઘટિત (D) વસ્તુલક્ષી

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

11. 'પૃથ્વીચંદ્રચરિત્ર' માં કયું પાત્ર નથી ?
(A) પૃથ્વીચંદ્ર (B) સમરકેતુ (C) લીલાવતી (D) રત્નમંજરી

12. 'ટ્રેજેડી' કેવી ક્રિયાનું અનુકરણ નથી ?
(A) સ્વયંસંપૂર્ણ (B) કથનાત્મક (C) ગંભીર (D) નિયતપરિમાણ

13. નવલરામનો કયો લેખ નથી ?
(A) કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો
(B) કવિ નર્મદાશંકરની કવિતા
(C) સંસ્કૃતમય ગુજરાતી
(D) કવિતાજાતિ

14. વ્યત્યયનું કયું સાચું દ્રષ્ટાંત નથી ?
(A) પ્રિયવંદા
(B) આતંક
(C) શાકુંતલ
(D) આયુર્વેદ

15. સંશોધન પદ્ધતિમાં કઈ પદ્ધતિનો સમાવેશ થતો નથી ?
(A) પ્રાયોગિક (B) કાર્યલક્ષી (C) ગુણલક્ષી (D) સર્વેક્ષણ

16. પુરાકલ્પનનો કયો પર્યાય નથી ?
(A) પુરાવૃત્ત (B) પરાવૃત્તકથા (C) પુરાણકથા (D) પ્રાચીનકથા

17. 'ઉત્તરરામચરિત' નો અનુવાદ કોણે નથી કર્યો ?
(A) મણિલાલ દ્વિવેદી
(B) ઉમાશંકર જોશી
(C) નરસિંહરાવ દિવેટિયા
(D) ગોવર્ધનરામ ત્રિપાઠી

18. મીરાંબાઈનું કયું પદ નથી ?
(A) પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર
(B) રામ રમકડું જડ્યું રે
(C) પ્રીત પૂરવની રે શું કરું......
(D) ગોવિંદો પ્રાણ અમારો રે....

19. ભારતીય દર્શન, વેદાંત, ઉપનિષદોનો પ્રભાવ કયા વિદેશી વિદ્વાન પર પડ્યો નથી ?
(A) રોમારોલાં (B) શોપનહોઅર (C) ઈબ્સન (D) કોલરિજ

20. અભિજિત વ્યાસનું કયું પુસ્તક નથી ?
(A) ફિલ્મ સર્જન પ્રક્રિયા
(B) ફિલ્મદર્શન
(C) ફિલ્માલોકન
(D) ફિલ્મ કલાવિચાર

21. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) ચો પગું, રાક્ષસ, ક્યાં ચાલ્યા ?
(B) બહારનાં પોલાણ, કાદવકીચડ, સોળવર્ષ
(C) કુદરતી, દીવાલ, વૃક્ષ
(D) કોલબેલ, ડાયલનાં પંખી, કલ્કિ

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

22. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) હાન્સ ગાડામરઃ ડિસિપ્લિન એન્ડ પનિશ, અર્થઘટનશાસ્ત્ર
(B) રોલા બાર્થ : એલિમેન્ટ્સ ઓફ સેમીઓલોજી, નારીવાદી
(C) સોસ્યુરઃ સંરચનાવાદી, રીવોલ્યુશન ઇન પોએટિક
(D) એલન શોવાલ્ટરઃ ગાયનો ક્રિટિસિમ, લિટરેચર ઓફ ધેઇર ઓન

23. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) રા. વિ. પાઠકઃ શરદ સમીક્ષા, સાહિત્ય સંસ્પર્શ
(B) ઉમાશંકર જોશીઃ શબ્દની શક્તિ, કાવ્યગત
(C) જયંત કોઠારીઃ વ્યાપન, વિવેચનનું વિવેચન
(D) પ્રમોદકુમાર પટેલ : કથાવિચાર,અભ્યાસ અને આલોચના

24. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) ભારતીય આર્યકુળની ભાષાઓ : ઉડિયા, કન્નડ
(B) ચીની-તિબેટી ભાષાકુળની ભાષાઓ : મણિપુરી, ત્રિપુરી
(C) દ્રાવિડી ભાષાકુળની ભાષાઓ : બુંદેલી, મલયાલમ
(D) મોનખ્મેર ભાષાકુળની ભાષાઓ : સાંતાલી, મિઝો

25. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) પઢારઃ એક અધ્યયન, ઓખામંડળની લોકકથા, ચંદર ઊગ્યે ચાલવું
(B) ભાલપ્રદેશની લોકકથાઓ, લોકજીવનનાં મોતી, ગુજરાતી લોકસાહિત્ય
(C) લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર, લોકવિદ્યા વિજ્ઞાન, લોકસાહિત્ય- વિમર્શ
(D) લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન, લોકગીતઃ તત્ત્વ અને તંત્ર, શોધ અને સ્વાધ્યાય

26. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) ટાઇમ બોમ્બ, પળનાં પ્રતિબિંબ, વ્હાઈટ હોર્સ
(B) પોલાણનાં પંખી, કાગડો, લુપ્તનદી
(C) સંયુક્તા, શર્વિલક, મૂળ સોતાં ઉખડેલાં
(D) બહારનાં પોલાણ, ડિમલાઈટ , હાથપગ બંધાયેલા છે.

27. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) તમસ : હિન્દી, શાહની
(B) આરોગ્ય નિકેતન : બંગાળી, ગૌતમી
(C) ગૃહભંગ : કન્નડ, ગંગમ્મા
(D) ચેમ્મીનઃ મલયાલમ, લાનુલા

28. સર્વથા સંગત જૂથ જણાવો.
(A) વાલબાઈ, પરાશર, રેખા
(B) ઇશાન, આશુતોષ, શાલ્મલી
(C) અનુરાધા, નમિતા, છાયા
(D) મેઘા, મૃણાલ, વિલાસ

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

Prepp
Your Personal Exams Guide

**29.** સર્વથા સંગત જૂથ જણાવો.
(A) પાંચ અંકો, બેન્કો, માલ્કમ
(B) ત્રણ અંકો, પોત્ઝો, લકી
(C) ત્રણ અંકો, સિવર્ડ, મેકડફ
(D) પાંચ અંકો, પ્રોફેસર, એસ્ટ્રોગોન

**30.** સર્વથા સંગત જૂથ જણાવો.
(A) સુદર્શન, પ્રિયંવદા, વસંત
(B) ક્ષિતિજ, ઊહાપોહ, કુમાર
(C) જ્ઞાનસુધા, સમાલોચક, બુદ્ધિપ્રકાશ
(D) માનસી, રોહિણી, કૌમુદી

**31.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) રામજીભા , રૂખી, લધાભા
(B) ઓપોલોડોટસ, મીડિયા, પેરેક્લિસ
(C) અરુણ, રંજન, નિષાદ
(D) ગોબર, સંતુ, માંડણ

**32.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) પર્યાયવક્રતા, લિંગવક્રતા, સંવૃત્તિવક્રતા
(B) વૈદર્ભી, ગૌડી, શૌરસેની
(C) મુખ્યાર્થ, લક્ષ્યાર્થ, વ્યંજનાર્થ
(D) સ્ફુટત્વનો અભાવ, સંશયયોગ, અપ્રધાનતા

**33.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) સાહિત્ય ચિંતન, પ્રતિભા એટલે અનન્ય પરતંત્રતા, કલાસખી અને શાસ્ત્રસખી
(B) કવિતા અને સાહિત્ય, વૃત્તિમય ભાવાભાસ, અપદ્યાગદ્ય નહીં પણ રાગયુક્ત ગદ્ય
(C) સાહિત્ય વિચાર, સરસ્વતીચંદ્ર એટલે પુરાણ, કવિતા આત્માનો અવિર્ભાવ છે
(D) કવિતા શિક્ષણ, દ્વિજોત્તમ કવિતા, નાનું વિરહકાવ્ય એટલે વિરહોર્મિ કાવ્ય

**34.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) આજીવન, હરરોજ, પ્રતિક્ષણ
(B) વ્યાજખાઉં, અનુજ, મર્મજ્ઞ
(C) બારમાસી, ત્રિસૂત્રી, અઠવાડિયું
(D) દશાનન, સીમારેખા, નાસ્તિક

**35.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) સંશોધનની કેડી, ઇતિહાસની કેડી, પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના
(B) રચના અને સંરચના, શોધ અને સ્વાધ્યાય, પ્રાચીન ગુર્જરકાવ્ય
(C) ભીલોનું ભારથ, ભીલોનાં હોળીગીતો, આદિવાસી લોકસાહિત્યનો ઈતિહાસ
(D) પંદરમા શતકના પ્રાચીન ગુર્જરકાવ્ય, સાહિત્ય વિવેચન, પદ્યરચનાની ઐતિહાસિક આલોચના

**36.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) સ્મરણસંહિતા, અગ્નિવિરામ, પિતૃતર્પણ
(B) મોગરો, તાદાત્મ્ય, મધ્યરાત્રિએ  કોયલ
(C) ટેકરી, ફૂટપાથ અને શેઢો, કવિનું વસિયતનામું
(D) એભલવાળો, અભિસાર, સ્વરાજ રક્ષક

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

Prepp
Your Personal Exams Guide

**37.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) કૃષ્ણ યાદવ, આનંદમયી, નરેનબાબુ
(B) રામ ઐતાળ, કોદંડરામ, ડૉ. કારંથ
(C) રામચંદ્ર, ચંપા, સારિયા
(D) શામપ્રધાન, બરજૂ, હરિમિશ્ર

**38.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) બળવંતરાય ઠાકોર: એક તોડેલી ડાળી, ચોપાટીને બાંકડેથી
(B) રાજેન્દ્ર શાહ: તમસા, હે અંધકાર
(C) સુંદરમ: ઢૂંઢ ઢૂંઢ, હું શોધતો'તો
(D) પ્રહ્લાદ પારેખ: વિદાય, શ્રાવણી મધ્યાહ્ને

**39.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) યુલિસિસ : નવલકથા, જેમ્સ જોયસ
(B) ધ વેસ્ટ લેન્ડ : કાવ્ય, ટી. એસ. એલિયટ
(C) ફાયર ઓન ધ માઉન્ટેઇન: નાટક, અનીતા દેસાઇ
(D) ઇલિયડ : મહાકાવ્ય, હોમર

**40.** સર્વથા વિસંગત જૂથ જણાવો.
(A) વિશ્વસાહિત્ય : ગ્યુઈથે , રવીન્દ્રનાથ ટાગોર
(B) તુલનાત્મક સાહિત્ય: અશ્વિન દેસાઇ, ચૈતન્ય દેસાઇ
(C) ભારતીય સાહિત્ય: નરેશવેદ, પ્રવીણ દરજી
(D) નારી અનુવાદકો: અનિલા દલાલ, પ્રતિભા પંડયા

**41.** નર્મદની કઈ કૃતિઓ છે ?
a. વીરસિંહ
b. રસિકવલ્લભ
c. રુદન રસિક
d. ભોળો ભાભો
(A) (a) અને (b) (B) (b) અને (c) (C) (c) અને (d) (D) (d) અને (a)

**42.** શંકુક સંદર્ભે કયા વિકલ્પો જોડી શકાય ?
a. અનુમિતિવાદ
b. નૈયાયિક
c. સાંખ્યવાદી
d. અલંકાર શાસ્ત્રી
(A) (a) અને (b) (B) (b) અને (c) (C) (c) અને (d) (D) (d) અને (a)

[redacted]

[redacted]
Prepp+ Subscription
Only ~~(₹999)~~ ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER
[redacted]

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

43. સુરેશ જોશીના કવિ અને કાવ્ય વિષયક કયા વિધાનો છે ?
   a. કવિ દ્રષ્ટા, તત્ત્વજ્ઞ કે પયગંબરથી જુદો છે.
   b. કવિ સર્જક છે, અર્થનો વાહક નથી.
   c. કાવ્ય એ વિચારોનો અહીંતહીં શણગારાયેલો સમુચ્ચય નથી.
   d. કવિતા આત્મા પેઠે વ્યાપનશીલ હોવી જોઈએ.

(A) (a) અને (b)   (B) (b) અને (c)   (C) (c) અને (d)   (D) (d) અને (a)

44. કયા ધ્વનિઘટકોમાં ઘોષત્વ અને પ્રાણત્વ ભેદક તત્ત્વ નથી ?
   a. ઢ
   b. ફ
   c. મ
   d. ન

(A) (a) અને (b)   (B) (b) અને (c)   (C) (c) અને (d)   (D) (d) અને (a)

45. 'ભવાઈ' વિષયક કયા સંશોધકોએ ગ્રંથો પ્રકાશિત કર્યા છે ?
   a. ભરતરામ મહેતા
   b. ભોગીલાલ સાંડેસરા
   c. ભારતી વૈદ્ય
   d. સુધા દેસાઈ

(A) (a) અને (b)   (B) (b) અને (c)   (C) (c) અને (d)   (D) (d) અને (a)

46. ભાસ રચનાશૈલીમાં કયા છંદોની કડીઓ હોય છે ?
   a. ચોપાઈ
   b. સોરઠા
   c. દુહા
   d. રોળા

(A) (a) અને (b)   (B) (b) અને (c)   (C) (c) અને (d)   (D) (d) અને (a)

47. ઉમાશંકર જોશીએ કઈ કૃતિઓના અનુવાદો કર્યા છે ?
   a. કર્ણભાર
   b. અભિજ્ઞાન શાકુંતલ
   c. ઉત્તર રામચરિત
   d. મૃચ્છકટિક

(A) (a) અને (b)   (B) (b) અને (c)   (C) (c) અને (d)   (D) (d) અને (a)

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**48.** રાવજી પટેલની કઈ કાવ્યપંક્તિઓ છે ?

a. મિત્રો, હું શેકાઈ ગયેલો ઘઉંનો દાણો છું !

b. સદા ઘરથી છેટે રહ્યો ઘાસ જેવો.

c. આ કાગળના સ્ફટિક દેશનો કુંવરપાટવી

d. થાતાં તો થઇ ગયો તો ઘડી સંગ શબ્દનો

(A) (a) અને (b) (B) (b) અને (c) (C) (c) અને (d) (D) (d) અને (a)

**49.** કઈ રશિયન નવલકથાઓ છે ?

a. મધર

b. ફોન્તામારા

c. સોન્ગ ઓફ સોલોમન

d. નોટ્સ ફ્રોમ ધ અન્ડરગ્રાઉન્ડ

(A) (a) અને (b) (B) (b) અને (c) (C) (c) અને (d) (D) (d) અને (a)

**50.** સાહિત્ય અકાદમી એવોર્ડ કોણે સ્વીકાર્યા નથી ?

a. કે. કા. શાસ્ત્રી

b. જયંત કોઠારી

c. ઉમાશંકર જોશી

d. ચન્દ્રકાન્ત ટોપીવાળા

(A) (a) અને (b) (B) (b) અને (c) (C) (c) અને (d) (D) (d) અને (a)

**51.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. સત્યની શોધમાં | i. સેમ્યુલ ધ સીકર |
| b. અપરાધી | ii. ધ માસ્ટર ઓફ મેન |
| c. બીડેલાં દ્વાર | iii. લવ્ઝ પિલગ્રિમેઈઝ |
| d. વસુંધરાનાં વહાલાં દવલાં | iv. લાફિંગ મેન |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | i | ii | iii | iv |
| (B) | iv | iii | ii | i |
| (C) | i | iv | iii | ii |
| (D) | ii | iii | i | iv |

[redacted]

Prepp+ Subscription
Only ~~(₹999)~~ ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

Prepp
Your Personal Exams Guide

**52.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ચિત્તની પૂર્ણ મુક્તિની દિશા | i. પરાવાસ્તવવાદ |
| b. સંવાદિતા સૌંદર્યનું લક્ષણ | ii. પ્લેટો |
| c. કલાને સ્વાયત્તતા આપવાનો સંઘર્ષ | iii. સૌંદર્યનિષ્ઠવાદ |
| d. સૌંદર્યશાસ્ત્રની ઉણપનો પરિચય | iv. નવ્યઈતિહાસવાદ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | iii | iv | i | ii |
| (D) | i | iii | iv | ii |

**53.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. સુરેશ જોશી | i. વિવેચનનો ચૈતન્યવાદી અભિગમ |
| b. ચંદ્રકાંત ટોપીવાળા | ii. સાહિત્યિક ઈતિહાસ સ્વરૂપ અને લેખન |
| c. પ્રમોદકુમાર પટેલ | iii. સિદ્ધાંત સારનું અવલોકન |
| d. જયંત કોઠારી | iv. અનુઆધુનિકતાવાદ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | i | iv | ii | iii |
| (D) | iv | ii | i | iii |

**54.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. અંતિમ અપભ્રંશ | i. કે.હ. ધ્રુવ |
| b. જૂની ગુજરાતી | ii. ઉમાશંકર જોશી |
| c. પ્રાચીન ગુજરાતી | iii. કે. કા. શાસ્ત્રી |
| d. મારુ ગુર્જર | iv. નરસિંહરાવ દિવેટિયા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | i | iv | iii |
| (D) | iv | iii | i | ii |

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

**55.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. નરસિંહચરિત્ર વિમર્શ | i. દીપક રાવલ |
| b. અદ્યતન દીર્ઘ કવિતા | ii. પિનાકિની પંડ્યા |
| c. સાંપ્રત ગુજરાતી કવિતામાં માનવ સંબંધ | iii. ભરત નાયક |
| d. મેલોડ્રામાની રૂપરચના | iv. દર્શના ધોળકિયા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | iv | i | ii | iii |
| (D) | ii | iv | i | iii |

**56.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. સદય વત્સ ચરિત | i. વિશ્વનાથ |
| b. નંદબત્રીસી | ii. શામળ |
| c. રૂપસુંદરકથા | iii. ભીમ |
| d. પ્રેમ પચીસી | iv. માધવ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | iv | i | iii |
| (D) | iii | ii | iv | i |

**57.** સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. આત્મકથા | i. પાંખ વિનાનાં પારેવાં |
| b. જીવનકથા | ii. ઓતરાતી દીવાલો |
| c. લલિત નિબંધ | iii. કવિજીવન |
| d. એકાંકી | iv. મેં પાંખો ફફડાવી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | iv | i | iii |
| (D) | iii | i | iv | ii |

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

58. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ગૃહભંગ | i. ફકીર મોહન સેનાપતિ |
| b. ચેમ્મીન | ii. શિવરામ કારન્થ |
| c. છ વિઘા જમીન | iii. તક્ષી શિવશંકર |
| d. ધરતી ખોળે પાછો વળે | iv. એસ. એલ. ભૈરપ્પા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | i | iv | iii |
| (D) | iii | iv | i | ii |

59. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. હું જીવતો છું | i. રાવજી પટેલ |
| b. હનુમાનની એકોકિત | ii. સિતાંશુ |
| c. ગાયત્રી | iii. નિરંજન ભગત |
| d. મારો શામળિયો | iv. નીરવ પટેલ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | i | iv | iii |
| (D) | iii | iv | i | ii |

60. સાચાં જોડકાં બનાવો.

| I | II |
|---|---|
| a. ગુજરાત સંશોધન મંડળ | i. પોપટલાલ શાહ |
| b. ગુજરાત વિદ્યાપીઠ | ii. ગાંધીજી |
| c. ફાર્બસ ગુજરાતી સભા | iii. મનઃ સુખરામ ત્રિપાઠી |
| d. જ્ઞાન પ્રસારક સભા | iv. દાદાભાઈ નવરોજી |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | iv | iii | ii | i |
| (B) | i | ii | iii | iv |
| (C) | ii | i | iv | iii |
| (D) | iii | iv | i | ii |

[redacted]

Prepp+ Subscription
Only ~~(₹999)~~ ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

61. કાળક્રમમાં ગોઠવો.

a. બાલાશંકર કંથારિયા
b. આનંદશંકર ધ્રુવ
c. મણિશંકર રત્નજી ભટ્ટ
d. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી

(A) a b c d
(B) d c b a
(C) a c b d
(D) b d a c

62. કાળક્રમમાં ગોઠવો.

a. રસગંગાધર
b. કાવ્યપ્રકાશ
c. કાવ્ય મીમાંસા
d. કાવ્યાલંકાર

(A) d c b a
(B) a b c d
(C) c d a b
(D) b a d c

63. કાળક્રમમાં ગોઠવો.

a. કાવ્યતત્ત્વ વિચાર
b. કાવ્યચર્ચા
c. કવિતા વિવેક
d. અર્વાચીન કવિતા

(A) a b c d
(B) d c b a
(C) b a d c
(D) a d b c

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**64.** કાળક્રમમાં ગોઠવો.

a. ધાતુસંગ્રહ
b. વ્યાકરણ અર્થ અને આકાર
c. ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ
d. ભાષાશાસ્ત્રની કેડીએ

(A) d c b a
(B) a b c d
(C) c d a b
(D) b a d c

**65.** કાળક્રમમાં ગોઠવો.

a. સૌરાષ્ટ્રની રસધાર
b. સોરઠી બહારવટિયા
c. ચારણો અને ચારણી સાહિત્ય
d. સોરઠી સંતવાણી

(A) a b c d
(B) d c b a
(C) b a d c
(D) c d a b

**66.** કાળક્રમમાં ગોઠવો.

a. માધવાનલ કામકંદલા
b. કાન્હડદે પ્રબંધ
c. સદયવત્સવીર પ્રબંધ
d. ત્રિભુવનદીપક પ્રબંધ

(A) a b c d
(B) d c b a
(C) c a d b
(D) b d a c

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams
1 Year Full Access
50,000+ Mock tests
10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

Prepp
Your Personal Exams Guide

67. કાળક્રમમાં ગોઠવો.

a. ગોરા

b. તમસ

c. નહન્યતે

d. દ્રૌપદી

| | | | | |
|---|---|---|---|---|
| (A) | a | b | c | d |
| (B) | d | c | b | a |
| (C) | a | c | b | d |
| (D) | b | a | d | c |

68. કાળક્રમમાં ગોઠવો.

a. મરણોત્તર

b. દીપનિર્વાણ

c. ચહેરા

d. ફૂવો

| | | | | |
|---|---|---|---|---|
| (A) | d | c | b | a |
| (B) | a | b | c | d |
| (C) | c | a | d | b |
| (D) | b | c | a | d |

69. કાળક્રમમાં ગોઠવો.

a. ધ વેસ્ટ લેન્ડ

b. યુલિસિસ

c. વેઇટિંગ ફોર ગોદો

d. સૉંગ ઓવ સોલોમન

| | | | | |
|---|---|---|---|---|
| (A) | d | c | b | a |
| (B) | a | b | c | d |
| (C) | b | a | d | c |
| (D) | c | d | a | b |

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

[redacted] [redacted]

Prepp
Your Personal Exams Guide

70. કાળક્રમમાં ગોઠવો.

a. ક. લા. સ્વાધ્યાય મંદિર
b. ગુજરાતી સાહિત્ય પરિષદ
c. ગુજરાત વિદ્યાપીઠ
d. બુદ્ધિવર્ધક સભા

| | | | | |
|---|---|---|---|---|
| (A) | a | b | c | d |
| (B) | d | c | b | a |
| (C) | d | b | c | a |
| (D) | b | a | d | c |

71. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** મણિલાલ દ્વિવેદીએ બાર જેટલી ગઝલ રચનાઓ પણ રચી છે.
**R :** મણિશંકર ભટ્ટ કવિની દોસ્તીએ મણિલાલને ફારસી કવિતાનો શોખ જગાડ્યો હતો.

(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

72. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** ભટ્ટ નાયક અભિધાથી ભિન્ન ભાવકવ્યાપારની ચર્ચા કરે છે.
**R :** ભટ્ટ નાયકના મતે સ્થાયીભાવ અને વિભાવ વચ્ચે જન્યજનક સંબંધ છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

73. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** બ.ક.ઠા. ના મતે કવિતા અને વિવેચના અન્યોન્યાશ્રયી છે.
**R :** કવિતા વિવેચન વિના ટકી શકતી નથી.

(A) (A) અને (R) બન્ને સાચાં છે
(B) (A) અને (R) બન્ને ખોટાં છે
(C) (A) સાચું છે, (R) ખોટું છે
(D) (A) ખોટું છે, (R) સાચું છે

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**74.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** નામ અને આખ્યાતમાં આખ્યાત એ પ્રધાન પદ છે.

**R :** આખ્યાત વિના વાક્ય બનતું નથી.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

**75.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** કે.કા. શાસ્ત્રીએ દયારામના 'રસિકવલ્લભ' ગ્રંથનું ભક્તિભાવપૂર્વક સંપાદન કર્યું છે.

**R :** કે.કા. શાસ્ત્રી વૈષ્ણવધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા હતા.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

**76.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** રાસનો એક પ્રકાર લતારાસક છે.

**R :** લતારાસકમાં વેલની જેમ એકબીજાને વળગીને નૃત્ય કરતાં કરતાં ગાવામાં આવે છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

**77.** નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

**A :** 'સ્ત્રીપર્વ' માં ગાંધારી દ્રૌપદીને શાપ આપે છે.

**R :** ગાંધારી માને છે કે દ્રૌપદીએ જ મહાભારતનું યુદ્ધ કરાવ્યું છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

[redacted]

Prepp+ Subscription
Only ~~(₹999)~~ ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

78. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : ઉમાશંકર જોશીના એક કાવ્યસંગ્રહનું નામ 'સપ્તપદી' છે.

R : 'સપ્તપદી' માં જુદા જુદા કવિઓનાં સાત કાવ્યો ગ્રંથસ્થ થયાં છે.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

79. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : એરિસ્ટોટલે 'poetics' માં 'હેમ્લેટ' નાટકનો ઉલ્લેખ કર્યો છે.

R : 'હેમ્લેટ' એ સમયે ટ્રેજેડીનું સરસ દ્રષ્ટાંત હતું.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

80. નીચેનાં વિધાનોને કાર્યકારણ સંબંધે તપાસો.

A : 'સત્યપ્રકાશ' સામયિક ગાંધીજીએ શરૂ કર્યું હતું.

R : ગાંધીજી સત્યના ઉપાસક – આરાધક હતા.

(A) (A) અને (R) બન્ને સાચાં છે

(B) (A) અને (R) બન્ને ખોટાં છે

(C) (A) સાચું છે, (R) ખોટું છે

(D) (A) ખોટું છે, (R) સાચું છે

81. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'સ્વવાચકની શોધ' રાજેન્દ્ર શાહનું અછાંદસ દીર્ઘકાવ્ય છે.

B : 'આરણ્યક'રાજેન્દ્ર શુકલનો નોંધપાત્ર કાવ્યસંગ્રહ છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Your Personal Exams Guide

82. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : દેરિદાએ વાચન વિચારને કેન્દ્રમાં રાખીને વિચારણા કરી છે.

B : જેક લકાન ફ્રેન્ચ સાઇકિયાટ્રિસ્ટ હતા.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

83. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : ચંદ્રકાંત ટોપીવાળા : સાહિત્ય ભાષાની સંરચનામાં રહેલું છે, જીવનના અનુકરણમાં નહીં.

B : કવિતા કલ્પના કરે છે પણ અનુકરણ કરીને કલ્પના કરે છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

84. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : ભાષા વૈયક્તિક છે.

B : વાણી સામાજિક પદાર્થ છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

85. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : શાંતિભાઈ આચાર્યને ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય એવોર્ડ મળ્યો છે.

B : મધ્યકાલીન સંશોધન ક્ષેત્રે મુનિ જીન વિજયજીએ નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

86. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : ગઝલના પ્રથમ શેરને 'મત્લા' કહેવાય છે.

B : ગઝલના અંતિમ શેરને 'મકતા' કહેવાય છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

87. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'ન હન્યતે' જુદા-જુદા આઠ પર્વમાં વિભાજિત છે.

B : શ્રીમદ્ ભાગવતમાં ૨૫૫ અધ્યાયો છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

88. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'વનાંચલ' માં ગોઠ ગામ કેન્દ્રમાં છે.

B : 'બાપાની પિંપર' કિરીટ દૂધાતનો કાવ્યસંગ્રહ છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

89. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : 'સૉંગ ઓફ સોલોમન' નારી સર્જકની કૃતિ છે.

B : 'સિદ્ધાર્થ' નો ગુજરાતી અનુવાદ અલકેશ પટેલે કર્યો છે.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

90. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો.

A : સાહિત્ય અને સંસ્કૃતિ પરસ્પર પૂરક છે.

B : સાહિત્યનો વિકાસ એટલે સંસ્કૃતિનો વિકાસ.

(A) (A) અને (B) બન્ને વિધાનો સાચાં છે

(B) (A) અને (B) બન્ને વિધાનો ખોટાં છે

(C) (A) વિધાન સાચું છે, (B) વિધાન ખોટું છે

(D) (A) વિધાન ખોટું છે, (B) વિધાન સાચું છે

નીચેના કાવ્યના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

'વૃક્ષ'

એક જીવતા વૃક્ષને
મેં થડમાંથી જ બાથમાં લઇ લીધું
એ એટલો જ ભાગ કવચ આવૃત્ત, કેડ જેટલો જ ભાગ;
કવચ પર તો જીવતા પ્રવાહો હતા, ઉપર ને નીચે જતા
ધસમસતા ને ધબકતા મારા વક્ષસ્થળની સાથોસાથ,
મારી બાથમાંથી જે નીચે છટકી ગયું હતું
તે ભૂમિમાંથી મૂળિયાં નાખી વિસ્તરવા મથતું હતું
આડે ને ઊંડે ને ચોતરફ.......
અને ઉપર પ્રકટ્યું તે તો આભ ઊર્ધ્વ
રૂખ અને ડાળીઓમાં આડું, ઊંચું ને ચોતરફ.....
થડમાં છે એટલું જ આશ્લેષમાં તો
બાકી અધો અને ઊર્ધ્વ, કેવળ અનાશ્લેષ્ય.

- ઉશનસ્

91. વૃક્ષની બાથ દ્વારા કવિ શેને કાવ્યાત્મક રીતે બાથમાં લઇ શક્યા છે ?

(A) ભારતીય દર્શન
(B) ઈશ્વર
(C) અરણ્ય
(D) પરિવેશ

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in

Prepp Your Personal Exams Guide

92. ‘મેં થડમાંથી બાથમાં લઇ લીધું’ પંક્તિમાં ‘લઇ લીધું’ ને વ્યાકરણની દ્રષ્ટિએ શું કહેવાય ?

(A) સહાયક ક્રિયાપદ
(B) સંયુક્ત ક્રિયાપદ
(C) ક્રિયાન્વય
(D) આશ્રિત ક્રિયાપદ

93. રચનામાં કયો શબ્દ સંસ્કૃત ભાષાનો નથી ?

(A) થડ
(B) આશ્લેષ
(C) ઊર્ધ્વ
(D) આવૃત્ત

94. રચનામાં ‘બાથ’ શબ્દનો કયો સંસ્કૃત પર્યાય પ્રયોજાયો છે ?

(A) કવચ આવૃત્ત
(B) અનાશ્લેષ્ય
(C) આશ્લેષ
(D) ઊર્ધ્વ

95. ક્યા સ્વરૂપની કૃતિ છે ?

(A) ગીત
(B) છાંદસ
(C) પદ્યકાવ્ય
(D) અછાંદસ

નીચેના ગદ્યખંડના આધારે પ્રશ્નોના ઉત્તર આપો.

વિદ્યાર્થીની અવસ્થા એ સંન્યાસની અવસ્થા સમાન છે. તેથી તે દશા પવિત્ર અને બ્રહ્મચારીની હોવી જોઈએ. અત્યારે વિદ્યાર્થીઓની આગળ બે સભ્યતા તેમને વરવા હરીફાઈ કરી રહી છે. – પ્રાચીન અને અર્વાચીન. પ્રાચીન સભ્યતામાં સંયમપ્રધાન પદ ભોગવે છે. પ્રાચીન સભ્યતા આપણને કહે છે કે, માણસ જેમ જ્ઞાનપૂર્વક પોતાની હાજતો ઓછી કરે તેમ આગળ વધે છે. આધુનિક એમ શીખવે છે કે, પોતાની હાજતો વધારી મનુષ્ય પોતાની પ્રગતિ કરી શકે છે. સંયમ અને સ્વચ્છંદ વચ્ચેનો ભેદ જેટલો ધર્મ-અધર્મ વચ્ચે છે તેટલો છે. સંયમમાં બાહ્ય પ્રવૃત્તિને આંતરિક પ્રવૃત્તિ કરતાં ગૌણ પદ અપાયું છે. સંયમમય પ્રાચીન અવસ્થાને બદલે સ્વચ્છંદમય આધુનિક સભ્યતાનો સ્વીકાર થવાનો ભય રહે છે. એ ભય દૂર થવામાં વિદ્યાર્થીઓ બહુ સહાય કરી શકે છે. વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓની પરીક્ષા તેઓના જ્ઞાનથી નહીં થાય. પણ તેઓના ધર્માચરણથી જ થશે. આ વિદ્યાલયમાં ધર્મશિક્ષણ અને ધર્માચરણને પ્રધાનપદ અપાવું જોઈએ. એમ થવામાં વિદ્યાર્થીઓની પૂરી મદદ જોઈએ. મારી ખાતરી છે કે, રાજ્ય પ્રકરણી સુધારાનો લાભ આપણા ધર્મનો વિચાર કર્યા વિના કદી નથી લઇ શકવાના, ધર્મનું સંસ્થાપન એ સુધારાથી નહીં થાય, પણ ધર્મથી જ એ સુધારાની ખામીઓ દૂર કરી શકાશે.

- ગાંધીજી

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

www.prepp.in
Prepp
Your Personal Exams Guide

96. વિદ્યાર્થીની અવસ્થા શેના સમાન છે ?
(A) મુગ્ધતા
(B) સંન્યાસ
(C) સાધુતા
(D) સજ્જન

97. સંયમ પ્રધાન પદ કઈ સભ્યતા ભોગવે છે ?
(A) અર્વાચીન
(B) પશ્ચિમ
(C) પ્રાચીન
(D) મધ્યકાલીન

98. 'હાજતો વધારીને મનુષ્ય પ્રગતિ કરી શકે છે' – એવું કોણ માને છે ?
(A) ઋષિઓ
(B) આધુનિકો
(C) ભારતીય
(D) સંન્યાસીઓ

99. યુનિવર્સિટીના વિદ્યાર્થીની પરીક્ષા શાના આધારે થવી જોઈએ ?
(A) જ્ઞાન
(B) માહિતી
(C) પદવી
(D) ધર્માચરણ

100. 'વરવા' શબ્દપ્રયોગ અહીં ક્યા અર્થમાં પ્રયોજાયો છે ?
(A) બેડોળ
(B) પસંદગી
(C) નરસું
(D) નઠારું

---

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams | 1 Year Full Access | 50,000+ Mock tests | 10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER

## Space for Rough Work

[redacted]

Prepp+ Subscription
Only (₹999) ₹249/year
500+ Exams
1 Year Full Access
50,000+ Mock tests
10,000+ Pyp's
Unlock Your Success Today!
LIMITED TIME OFFER